Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# ગ્રામીણ વિકાસની યોજના તરીકે મનરેગા યોજના

સ્વતંત્ર ભારતમાં ગ્રામીણ સમુદાયના વિકાસ માટે વિભ્ભીન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભારતના ગ્રામીણ સમુદાય માં જોવા મળતી પરિસ્થિતિ માટે અનેકવિધ સમસ્યાઓ જવાબદાર માનવામાં આવે છે. ગ્રામીણ સમુદાયમાં જોવા મળતી ગરીબી એ સામાજિક અસમાનતાની સમસ્યા માનવામા આવે છે. સામાન્ય રીતે જોઈએ તો ગરીબી એ માનેવસર્જીત સમસ્યા છે. ગ્રામીણ ભારતમા સામાજિક અસમાનતા જ્ઞાતિવ્યવસ્થા અને ભૂમિ સબધો પર રચાયેલી છે. ભારતની કુલ વસ્તીના ૬૮ % લોકો ગ્રામીણ સમૂદાયમા વસવાટ કરે છે. ભારતની કૃષિ અર્થવ્યવસ્થા એ કુદરતી પરિબળો આધારિત હોવાથી આર્થિક સમસ્યા તરીકે ગરીબી મુખ્ય જોવા મળે છે. ભારતના ગ્રામીણ સમુદાયમા જોવા મળતી ગરીબીને દુર કરવા સરકારી અને બિન સરકારી પ્રયાસો હાથ ધરવામા આવ્યા છે. ગાધીજીના મતાનુંસાર જયા સુધી ગામડાઓને બેઠા નહી કરીએ ત્યા સુધી સાચુ સ્વરાજ મળી શકશે નહી. આઝાદી બાદ ૧૯૫૧ મા આયોજનનો માર્ગ અપનાવેલ પરંતુ આજે આયોજનના ૬૭ વર્ષ પછી આયોજિત વિકાસની પ્રક્રિયા નબળા વર્ગના ગરીબ લોકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમા પરીવર્તને લાવી શકી નથી. ભારતમા ગ્રામીણ ગરીબી નિવારણ માટે મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી અધિનીયમ મહત્વની ભૂમિકા ભજવે છે. કારણ કે કેન્દ્ર સરકારની સહાયથી રાજય સરકારો દ્વારા ચાલતા વેતન આધારિત રોજગાર કાર્યક્રમ સ્વાવલંબી નિર્ધારીત પધ્ધતિ પર આધારિત હતા તથા તેનો મુખ્ય ઉદેશ્ય શારીરિક શ્રમ પર આશ્રિત ગરીબોને રોજગારી પુરી પાડવાનો હતો. ગ્રામીણ સમુદાયમા આ કાયદાની અસર કેવી પડી? આ કાયદાના આધારે ગ્રામીણ ગરીબી દુર થઇ કે નેહી? વગેરે પ્રશ્નનોના નીરાકરણ માટે પ્રસ્તુત અભ્યાસ કરવામા આવ્યો છે.

પીટર ટાઉનસેન્ડના મતાનુંસાર વસ્તીમા વ્યાજબી અને સ્વીકૃત જીવનધોરણ અને જીવનશૈલી ધરાવતા ન હોય તેવી વ્યકિત કે કુટુંબને ગરીબ માનવામા આવે છે. આ રીત ગરીબી એક એવી પરીસ્થીતી છે કે જેમા વ્યકિત પોતાની જીવન જરૂરીયાતની ચીજ વસ્તુ મળવી શકતો નથી. જીવન નિર્વાહના પર્યાપ્ત સાધનોના અભાવવાળી સ્થીતીને ગરીબી કહેવામા આવે છે. ગરીબીની સ્થીતી નકકી કરવા માટે માપદંડ વિકસાવવામા આવ્યો છે. જેને ગરીબી રેખા તરીકે ઓળખવામા આવે છે. ગરીબી રેખા નીચે જીવતા વ્યકિત કે કુટુંબને ગરીબ તરીકે ઓળખવામા આવે છે. ભારતમા ગરીબીની પરિસ્થીતી સાર્વત્રીક રીતે જોવા મળે છે. ગરીબીની પરિસ્થીતી અંગે ભારતમા વિભિન્ન સમિતીની રચના કરવામા આવી હતી. જેમા સી રંગરાજન સમિતીએ જુલાઈ ૨૦૧૪ મા અહેવાલ રજૂ કર્યો આ અહેવાલ પ્રમાણે શહેરી ક્ષેત્રે પ્રતિદિવસ પ્રતિ વ્યકિત રૂ. ૪૭ અને ગ્રામીણ સમુદાયમા રૂ. ૩૨ કરતા ઓછી આવક મેળવતા હોય તેને ગરીબ માનવામા આવે છે. અરવિંદ પનગિઢયા કમિટીના અહેવાલ પ્રમાણે ગ્રામીણ ક્ષેત્રે ૨૪૦૦ કેલરી અને શહેરી ક્ષેત્રે ૨૧૦૦ કેલરી ન મેળવી શકનાર વ્યકિતને ગરીબ માનવામા આવે છે. આયોજન પંચ ૨૦૧૩ મુજબ ભારતમા ગરીબીનું પ્રમાણ ૨૧.૯ % જોવા મળે છે. જે પૈકી ગ્રામીણ ક્ષેત્રે ૨૫.૭ % અને શહેરી ક્ષેત્રે ૧૩.૭૧ % ગરીબી જોવા મળે

છે. રંગરાજન સમિતીના અહેવાલ અનુંસાર ભારતમા ૨૦૧૪ મા ૨૯.૫ % લોકો ગરીબ છે. વિશ્વ બેંકના ૨૦૧૬ના અહેવાલ પ્રમાણે ૨૭ કરોડ લોકો ગરીબ છે. વર્તમાન ભારતમા દરેક રાજયોમા ગરીબી ઓછાવતા પ્રમાણમા જોવા મળે છે. જે પૈકી સૌથી વધુ છતીસગઢમા ૩૯.૯૩ % ગરીબી જોવા મળે છે. ત્યારબાદ ઝારખડમા ૩૬.૯૬ % અને ત્રીજા ક્રમે બિહાર ૩૩.૭૪ % ગરીબીનું પ્રમાણ જોવા મળે છે. ગુજરાતમા ગરીબીનું પ્રમાણ ૧૬.૬૩% જોવા મળે છે.

ભારતમા ગરીબી ઘટાડવી અને લોકોના ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવન જીવતા લોકોના જીવનની ગુણવતા સુધારવી તે આયોજિત વિકાસનો મુખ્ય હેતુ છે. આ હેતુ સિધ્ધ કરવા માટે ભારતમા વિભિન્ન કાર્યક્રમો અમલમા મુકવામા આવ્યા છે. જેમ કે વીસ મુદ્દાનો કાર્યક્રમ ગ્રામીણ ગરીબી નિવારણ અંગે ખાસ યોજના અને કાર્યક્રમો એમ્પ્લોયમેન્ટ એસ્યોરન્સ યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના, પ્રધાન મત્રી ગ્રામોદય યોજના, મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ-૨૦૦૫ વગેરે મુખ્ય જોવા મળે છે. આ ઉપરાંત સ્વૈચ્છિક સગઠનો મારફત કેટલાક કાર્યક્રમો ચલાવવામા આવે છે. આ તમામ કાર્યક્રમો પૈકી મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમની અસરકારતા અને સફળતા સૌથી વધારે ભારતમા જોવા મળે છે. આ બાબતને ધ્યાનમા રાખી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામા આવ્યો છે.

**મનરેગા યોજનાનો પરિચયઃ-**

૨૩ મી ઓગષ્ટ ૨૦૦૫ના રોજ ભારતીય સંસદ ગૃહે ‘ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેધરી અધિનિયમ પસાર કર્યો હતો. જેની સત્તાવાર જાહેરાત ૭ સપ્ટેમ્બર ૨૦૦૫ ના રોજ કરવામા આવી હતી. જેનો અમલ પ્રથમ તબક્કામા દેશના ૨૦૦ જિલ્લાઓમા ફેબ્રુઆરી ૨૦૦૬મા થયો હતો. જેમા ગુજરાતના ૬ જિલ્લાઓનો સમાવેશ થાય અને ત્યારબાદ ૧૧૩ જિલ્લા અને પછી ૧૭ જિલ્લાઓમા અનુક્રમે ૧એપ્રિલ ૨૦૦૭ અને ૧૫ મી મે ૨૦૦૭થી આ યોજનાનો અમલ કરવામા આવ્યો હતો. બાકીના જિલ્લાઓને ૧ એપ્રિલ ૨૦૦૮ થી આ અધિનિયમ હેઠળ આવરી લેવામા આવ્યા છે. બીજી ઓકટોબર ૨૦૦૯ થી આ યોજનાને ગાધીજીના નામ સાથે જોડીને મહાત્મા ગાધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી એકટ નામકરણ કરવામા આવ્યુ છે.

ગ્રામ લોકો સ્વનિર્ભર બને અને સક્ષમ બને તે માટે વિવિધ યોજનાઓ હાલમા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અમલમા છે. પરંતુ હવે મહાત્મા ગાધી રાષ્ટ્રીય રોજગારી બાહેધરી અધિનિયમ- ૨૦૦૫ કાયદા અન્વયે ગ્રામીણ વિસ્તારોમા રહેતા પ્રત્યેક કુટુંબના પુખ્ત વયના સભ્યો જે બિનકુશળ શ્રમ કરવા ઈચ્છુક હોય તેવા કુટુંબને નાણાકીય વર્ષમા ઓછામા ઓછા ૧૦૦ દિવસની સવેતન રોજગારીની બાહેધરી આપવામા આવેલ છે. કામના કુલ ખર્ચના ૬૦% અકુશળ કારીગરોને મજુરીના તથા ૪૦% થી માલસામાન અને કુશળ, અર્ધ કુશળ શ્રમિકોને વેતનનો ખર્ચ કરવામા આવે તેવી જોગવાઈ કરવામા આવી છે.

આમ મનરેગા એ માગ આધારિત કાર્યક્રમ છે અને કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારોને જે સસાધનો પુરા પાડવામા આવે તે દરેક રાજયમા રોજગારીની માગ પર આધારિત હોય છે. મહાત્મા ગાધી મનરેગા એ લોક કેન્દ્રીત, માગ પ્રેરિત, સ્વપસદગીયુકત અને અધિકાર આધારિત કાર્યક્રમ છે. તે માગ પર કાર્ય પુરૂ પાડવામા નિષ્ફળ જવાથી

તથા હાથ ધરાયેલા કાર્યમા વેતનની ચૂકવણીમા વિલબ થાય તો એ બને કિસ્સામા ભથ્થુ અને વળતર ચૂકવીને વેતન રોજગારી માટેની કાયદેસર બાહેધરી પુરી પાડે છે.

ભાવનગર જિલ્લામાં ચાલતા મનરેગા કાર્યક્રમની આકડાકીય બાબત તપાસીએ તો..

**કોષ્ટક-૧ ભાવનગર જિલ્લામા મનરેગા યોજનામા નોધાયેલ કામ કરનારી વ્યકિત**

| S.No | Blocks | Number of Job cards | | Registered Workers | | | | | Number of Active |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Applied for | Issued | SCs | STs | Others | Total Workers | Women | Job Cards * |
| 1 | BHAVNAGAR | 4946 | 4837 | 206 | 236 | 12393 | 12835 | 6156 | 1502 |
| 2 | GARIADHAR | 6579 | 6372 | 1923 | 0 | 17211 | 19134 | 9419 | 2034 |
| 3 | GHOGHA | 2460 | 2256 | 40 | 0 | 5929 | 5969 | 2912 | 1868 |
| 4 | JESAR | 3097 | 2895 | 343 | 33 | 8713 | 9089 | 4451 | 693 |
| 5 | MAHUVA | 10696 | 10087 | 450 | 9 | 28688 | 29147 | 14556 | 2836 |
| 6 | PALITANA | 7983 | 7400 | 1336 | 229 | 21359 | 22924 | 11679 | 2384 |
| 7 | SHIHOR | 9410 | 9160 | 3212 | 154 | 24226 | 27592 | 13383 | 3093 |
| 8 | TALAJA | 5853 | 5571 | 493 | 18 | 16467 | 16978 | 7760 | 3922 |
| 9 | UMRALA | 6098 | 5986 | 968 | 592 | 15244 | 16804 | 7920 | 1855 |
| 10 | VALLABHIPUR | 3612 | 3346 | 958 | 0 | 8489 | 9447 | 4513 | 1096 |
| | **Total** | **60734** | **57910** | **9929** | **1271** | **158719** | **169919** | **82749** | **21283** |

**કોષ્ટક- ૨ ભાવનગર જિલ્લામા કાર્યરત કેટેગરી અનુસાર કામ કરનારી વ્યકિતઓ**

| **S.No** | **Blocks** | **Active Workers *** | | | | |
|---|---|---|---|---|---|---|
| | | **SCs** | **STs** | **Others** | **Total Workers** | **Women** |
| 1 | 2 | 11 | 12 | 13 | 14 | 15 |
| 1 | BHAVNAGAR | 2 | 4 | 3435 | 3441 | 1654 |
| 2 | GARIADHAR | 480 | 0 | 5314 | 5794 | 2796 |
| 3 | GHOGHA | 29 | 0 | 3962 | 3991 | 2044 |
| 4 | JESAR | 29 | 0 | 1758 | 1787 | 847 |
| 5 | MAHUVA | 150 | 8 | 6959 | 7117 | 3481 |
| 6 | PALITANA | 362 | 70 | 5070 | 5502 | 2658 |
| 7 | SHIHOR | 838 | 10 | 6782 | 7630 | 3724 |
| 8 | TALAJA | 392 | 18 | 10461 | 10871 | 4944 |
| 9 | UMRALA | 140 | 120 | 4444 | 4704 | 2287 |
| 10 | VALLABHIPUR | 229 | 0 | 2179 | 2408 | 1058 |
| | **Total** | **2651** | **230** | **50364** | **53245** | **25493** |

પ્રસ્તુત અભ્યાસમા મનરેગા યોજનાની ગરીબી નિવારણ પર કેવી અસર થયેલ છે. તે બાબતને કેન્દ્રમા રાખી સમાજના આંતર માળખાકીય સુવિધાના વિકાસ પર કેવી અસર થયેલ છે તે અંગેની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થયેલ તેની ચર્ચા કરવામા આવી છે. જેમા ખાસ કરીને પીવાનું ચોખ્ખુ પાણી, રહેઠાણ, સિંચાઈની વ્યવસ્થા,

અનસુચિત જાતી અને અનુસુચિત જન જાતિ, કામ કરનારી વસ્તી, જ્ઞાતી, મનરેગા યોજનાની પ્રગતિ પર અસર, રોજગાર પ્રાપ્ત કરેલ કુટુંબની વિગત, ઉત્પન થયેલ રોજગારીની વિગત, મનરેગા યોજના અતર્ગત અન્યને મળેલ રોજગારીની માહિતી, યોજના અતગત થયેલ ખર્ચ, મજૂરી ખર્ચ, મનરેગા યોજના અતર્ગત થયેલ કામગીરી અને તેની ગામના આતરિક માળખા પર થયેલ અસર, શિક્ષણ, સાક્ષરતા પર અસર, આરોગ્યના સ્તરમા થયેલી અસર, આર્થિક સસ્થા પર થયેલ અસર, મનરૈગા યોજના અતર્ગત કુટુંબના ભૌતિક માળખા પર થયેલી અસર, કુટુંબોના સામાજિક વિકાસ પર મનરૈગાની અસર, કુટુંબોની આર્થિક વિકાસ પર મનરૈગા યોજનાની અસર, કુટુંબોના શૈક્ષણિક સ્તર પર થયેલી અસર તેમજ મનરેગા યોજનાની અન્ય બાબતોમા જોવા મળતી અસરને તપાસવા માટે મુલાકાત અનુસુચિ તૈયાર કરી અભ્યાસ એકમ પાસેથી માહિતીનું એકત્રીકરણ કરવામા આવ્યુ હતુ. આ માહિતીના વિશ્લેષણના આધારે નીચે મુજબના તારણો જોવા મળ્યા હતા.

**તારણો અને નિષ્કર્ષ**

પ્રસ્તુત અભ્યાસ અતર્ગત મનરેગા યોજના દ્વારા ગરીબી નિવારણમા કેવી અસર થયેલ છે તે તપાસતા નિમ્ન બાબતો ફિલત થતી જોવા મળે છે.

મનરેગા યોજનાની અભ્યાસ હેઠળના ગામોમા ગ્રામીણ વિકાસ અને આતરિક માળખાની સુવિધા પર ખુબ જ હકારાત્મક અસર થેલી જોવા મળે છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબોમાથી ૧૮% કુટુંબોને પોતાના મુખ્ય વ્યવસાયમાથી ૧ થી ૪ મહિના સુધી જયારે ૬૬% કુટુંબોને પોતાના મુખ્ય વ્યવસાયમાથી ૫ થી ૮ મહિનાની રોજગારી મળતી જણાય છે. જયારે ૧૬% કુટુંબોને ૯ થી ૧૨ મહિના સુધીની રોજગારી મુખ્ય વ્યવસાયમાથી મળે છે. અભ્યાસ હેઠળના કુટુંબોમા ૧.૯૪ લાખ માનવ કલાકોનું સર્જન થયેલુ જોવા મળે છે. આ રીતે મનરેગા યોજના અતર્ગત અભ્યાસ હેઠળના કુટુંબોની રોજગારીમા વધારો થયેલો જોવા મળે છે. અભ્યાસ હેઠળના કુટુંબોમા ૪૦% સ્ત્રીઓ અને ૬૦% પુરૂષોને રોજગારી મળેલ જોવા મળે છે. આ બાબત સમાન કામ સમાન વેતનના ધારા પ્રમાણે રોજગારી મળતી જણાય છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૨૦% કુટુંબોને ૭ દિવસમા મહેનતાણાની રકમ પ્રાપ્ત થાય છે. જયારે ૫૭% કુટુંબોને ૧૫ દિવસમા મહેનતાણાની રકમ પ્રાપ્ત થાય છે. ૨૩ % કુટુંબોને ૩૦ દિવસમા રોજગારી પ્રાપ્ત થાય છે. આ બાબત દર્શાવે છે કે, મનરૈગા યોજનાના લીધે વ્યકિતને કામના બદલામા પ્રાપ્ત થતી આવક ટૂકા સમયમા પ્રાપ્ત થઇ જાય છે. જેનાથી તેની ગરીબી દુર થઇ શકતી જોવા મળે છે. મનરૈગા યોજના અતર્ગત મળેલ રોજગારીનું ચૂકવણુ રોકડમા નહી પરંતુ બેંકના ખાતામા જમા થતા ભ્રષ્ટાચાર, લાલચ અને શોષણ જેવી સમસ્યાનો સામનો કરવો પડતો નથી. આથી આ રોજગારીનો ઉપયોગ ગરીબી નિવારણમા થતો જોવા મળે છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબોમાથી ૮૪% કુટુંબોની આર્થિક સ્થીતીમા સુધારો થતો જોવા મળ્યો છે. આ બાબત પણ દર્શાવે છે કે, મનરૈગા યોજનાના આધારે ગરીબી દુર થતી જોવા મળે છે. અભ્યાસ એકમના કુલ કુટુંબો પૈકી ૨૧% કુટુંબોમા સ્થળાતરનું પ્રમાણ ઘટયુ છે. જયારે ૬૩ % કુટુંબોનું સ્થળાતર બધ થયુ છે. ૧૬ % કુટુંબોને કોઈ ફરક પડયો નથી. આ રીતે મનરૈગા યોજનાની સ્થળાતર પર અસર થતા ગરીબીનું પ્રમાણ ઘટતુ જણાય છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૬૨% કુટુંબોના જીવન ધોરણમા સુધારો થતો જોવા મળ્યો છે. આ રીતે મનરૈગા યોજનાની હકારાત્મક અસર ગરીબી નિવારણમા જોવા મળે છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો પૈકી ૭૩% કુટુંબો સતુષ્ટ જણાય છે. આમ, મનરૈગા યોજનાથી ગરીબી નિવારણ જોઈ શકાય છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબો

પૈકી જરૂરીયાત મંદ કુટુંબોને રોજગારી ને મળતી હોય તેવા કુટુંબોનું પ્રમાણ ૬૬% છે. જયારે ૭૦% કુટુંબોને ગેરરીતીનો ભોગ બનવું પડે છે. અભ્યાસ હેઠળના કુલ કુટુંબ પૈકી ૭૮% કુટુંબોને વહીવટી ઢીલના કારણે રોજગારી પ્રાપ્ત કરી શકતા નથી. આ બાબત દર્શાવે છે કે, મનરેગા યોજનાની સપૂર્ણ સફળતા ગરીબી નિવારણ માટે જોઈ શકાતી નથી.

અભ્યાસ હેઠળના કુટુંબોને પ્રાપ્ત થતી આવક જુદા જુદા હેતુઓ માટે ઉપયોગ કરે છે. ૩૨% મનરેગાથી થયેલ આવકને ઘરખર્ચ તરીકે ઉપયોગ કરે છે. ૪૩% કુટુંબોએ દેવાની ચૂકવણી કરવામા સફળ રહયા છે. ૧૪% કુટુંબોએ પોતાના સતાનોના શૈક્ષણિક ખર્ચમા ઉપયોગ કરી શકયા છે. આ ઉપરાંત ૧૧% કુટુંબોએ અન્ય ખર્ચ તરીકે ઉપયોગ કર્યો છે. આ બાબત દર્શાવે છે કે, મનરેગા યોજનાથી ગરીબી અને દેવાની સમસ્યામા ઘટાડો જોવા મળે છે.

આ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય કે, મનરેગા યોજનાના અમલીકરણથી ગ્રામીણ વિકાસ વેગવતો બન્યો છે. ગ્રામીણ ક્ષેત્રમા ગ્રામીણ વિકાસ થયો હોવાના નિર્દેશો જોવા મળે છે તથા ગ્રામીણ વિકાસ પર આ યોજનાની ખૂબ જ હકારાત્મક અસરો જોવા મળી છે. દેશના મોટાભાગની વસ્તી ગ્રામીણ ક્ષેત્રમા વસવાટ કરે છે. આમ દેશના મોટાભાગના વિસ્તારમા આ યોજનાનો લાભ અને સહાય મળેલ જણાય છે અને તેની અસર દેશની ગરીબી નિવારણમા જોઈ શકાય છે. આ યોજના અતર્ગત ગ્રામીણ ગરીબ અને બેરોજગાર કુટુંબોને રોજગારી તથા વ્યકિતગત કાર્યોમા તથા અનુસુચિત જાતી, અનુસુચિત જન જાતી તથા ગરીબી રેખા હેઠળના લોકોના ઉત્કર્ષ માટે સિંચાઇની સુવિધા મળતી જણાય છે. આ યોજનાથી ગ્રામીણ આતરમાળખાની સુવિધાના વિકાસ પર ખુબ જ હકારાત્મક અસર થયેલ હોવાનું જોવા મળે છે.

ભારતીય સમાજમા ગરીબી નિવારણ માટે મનરેગા યોજના જે હેતુથી અમલમા મૂકવામા આવી હતી તેની સપૂર્ણ સફળતા પ્રાપ્ત થતી જોવા મળતી નથી. કારણ કે, વર્ષ દરમિયાન ૧૦૦ દિવસની રોજગારી મળે છે ત પરંતુ પુરતુ અને સતોષકારક જણાતુ નથી. આ રીતે યોજના અતર્ગત ૧૦૦ દિવસ કરતા વધારે રોજગારી પ્રાપ્ત થવી જોઈએ. આ યોજનાની વધુમા વધુ ગ્રામીણ લોકો જાણકારી મેળવે અને લાભ લે તેવી જોગવાઈ કરવાની આવશ્કતા જણાય છે. આ યોજનાનો લાભ લેનાર મોટાભાગના ગ્રામીણ ગરીબ, બેરોજગાર અને પછાત વર્ગના કુટુંબો હોય છે. પરંતુ ઘણીવખત અધિકારોની ભ્રષ્ટનીતીના કારણે આવા કુટુંબોને રોજગારી પ્રાપ્ત થતી જણાતી નથી. આ યોજના અતર્ગત વ્યકિતગત લાભ આપતી વખતે ખરેખર જે ગરીબ અને જરૂરીયાત મંદ વ્યકિત છે તેની સપૂર્ણ ખાત્રી કરીને તેને પ્રાથમિકતા આપવાની આવશ્કયતા જણાય છે. આ યોજનાના ઘડતર સમયે વાસ્તવવાદી અભિગમનો ઉપયોગ કરવો જોઈએ જે તે પ્રદેશની સ્થાનિક જરૂરીયાતો અને જીવનશૈલી ને ધ્યાનમા રાખીને તે પ્રમાણે અમલમા મૂકવી જોઈએ. આ યોજના પાછળ સશકિતકરણના તર્કને પ્રભુત્વ આપવુ જોઈએ સહાય એ ટૂકાગાળાનો અભિગમ છે. જયારે સશકિતકરણ એ લાંબા ગાળાનો અભિગમ છે. આ માટે ગ્રામીણ ગરીબ અને પછાત વર્ગની માનિસકતામા તાદ્રશ્ય ફેરફાર લાવવાની જરૂર છે. એવી જ રીતે પોતાના વ્યવસાયમાથી તથા યોજનાનો લાભ થકી જેણે પ્રભાવશાળી વ્યકિતત્વ ઉભુ કર્યુ છે તેવા આગેવાનો ગ્રામીણ લોકોમા પ્રેરણાનો સ્રોત બને જેથી સંપોષિત વિકાસ અથવા ટકાઉ વિકાસની પૃષ્ઠભૂમિનું નિર્માણ થઈ શકે છે.

## સંદર્ભ


i. મહાત્મા ગાંધી નરેગા સમીક્ષા, ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકર, ન્યુ દિલ્હી, ૨૦૧૨

ii. ડો. પંત ડી.સી., ભારતમાં ગ્રામીણ વિકાસ, કોલેજ બુક ડીપો, જયપુર.

iii. ડો. મહેતા હિના, સંપાદક રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના માર્ગદર્શિકા, ભારતી પ્રિન્ટ

iv. એન્ડ પબ્લીસીંગ હાઉસ, અમદાવાદ, ૨૦૦૭

v. અવરાણી બાબુભાઈ, ભારતમાં ગ્રામીણ વિકાસ, અનડા પ્રકાશન, અમદાવાદ.

vi. શાહ એ.જી. અને જે.કે.દવે, ભારતમાં ગ્રામીણ વિકાસના સામાજિક પાસા, અનડા પ્રકાશન, અમદાવાદ.

vii. www.mnrega.nic.in


***********************************************************************


**ડો. રાજેશકુમાર મોહનભાઈ સોસા**
આસીસ્ટન્ટ પ્રોફેસર
સમાજશાસ્ત્ર વિભાગ
એલ.આર. વળીયા આર્ટસ એન્ડ પી. આર. મહેતા કોમર્સ કોલેજ


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat